# બ્રહ્મજ્ઞાન

## અખંડ આનંદની ગુરૂચાવી

શ્રી પ્રાણનાથજીની તારતમ વાણીનાં અમૂલ્ય પૂષ્પ

પુષ્પ પાંખડી - ૪


**પ્રકાશક :**
**શ્રી પ્રાણનાથ વૈશ્વિક ચેતના અભિયાન**
**Shri Prannath Global Consciousness Mission**



**સંપર્ક સૂત્રઃ**
**શ્રી નિજાનંદ આશ્રમ**
**નેશનલ હાઈવે નં.૮, બાયપાસ, સયાજીપુરા, વડોદરા - 390019**
Email : premseva7@yahoo.com; manulpdc@yahoo.com
Phones: 989-800-0168, 787-415-1371, 942-736-4535
Website : www.shriprannathji.com

**શ્રી નિજાનંદ આશ્રમ**
**રતનપુરી, જિલ્લો-મુજફ્ફરનગર, ઉત્તરપ્રદેશ**
Phone: 9811072951

**Lord Prannath Divine Center, U.S.A/ Canada**
8062, Eisonhower Parkway, Lizella, GA 31052-3202
Email : jagni7@yahoo.com; jagnicorp@yahoo.com
Phones: 011-973-760-9238; 011-478-808-4079
Website: www.nijanand.org

**શ્રી પ્રાણનાથજી મંદિર**
**શામળાજી, જીલ્લો-અરવલ્લી**



**મુદ્રક :-**
**દર્શન પ્રિન્ટર્સ**
**૫, વિષ્ણુ એસ્ટેટ, રઘુનાથ હીન્દી હાઈસ્કૂલની સામે,**
**મેમ્કો - બાપુનગર રોડ, બાપુનગર, અમદાવાદ**
**મો.૯૭૨૫૨ ૧૯૯૦૮**

## :: પ્રાણનાથ વાણી અવતરણ પરિચય ::

અનંત સૃષ્ટિઓના અસ્તિત્વના જે મૂલ આધાર છે, સર્વે આત્માઓના જે એકમાત્ર માલિક છે, સર્વે શક્તિઓના જે મૂલ સ્રોત છે, એવા પ્રિયતમ પરમાત્મા જ પ્રાણનાથ છે. અને હા, આપણે સર્વે તે સાગર સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રિયતમ ની આનંદની લહેરો છીએ, આત્માઓ છીએ. આધ્યાત્મિક માર્ગે આ પ્રમાણે પરસ્પર આત્મીયતાનો ભાવ જ કેન્દ્ર સ્થાને છે. સંપૂર્ણ માનવ જાતને એકાત્મ ભાવથી, દિવ્ય પ્રેમના તાંતણે બાંધવી એજ ધર્મનો ખરેખરો ઉદ્દેશ છે.

પ્યારે સાથજી, સંસારના ખેલમાં પ્રાણપ્રિય પ્રાણનાથ આપણને સત્ય તથા અસત્યની ઓળખ કરાવીને સમગ્ર સંસારને એક કરવાના હેતુથી જ બ્રહ્મજ્ઞાન લઈને પધાર્યા છે. તેને તારતમવાણી એટલા માટે કહેવામાં આવે છે કે તે દિવ્યજ્ઞાન મોહમાયાના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી પરમ આનંદમયી દિવ્ય પ્રકાશ ની તરફ લઈ જાય છે.

શ્રી પ્રાણનાથજી ના શ્રી મુખેથી અવતરેલી આ વાણી કુલજમ સ્વરૂપ મહાગ્રંથમાં સમાયેલી છે. જે વર્તમાન સંસારમાં મળેલી અનમોલ આધ્યાત્મિક સંપત્તિ છે. તેમાં સંસારના તમામ ધર્મગ્રંથોમાં આવેલ આધ્યાત્મિક જ્ઞાનને તારતમના મોતીઓની માળાના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. તેમાં વિશેષરૂપે એવા અનાદિ આધ્યાત્મિક પ્રશ્નોનું જેવા કે - હું કોણ છું ? ક્યાંથી આવ્યો છું ? મારા ધણી કોણ છે ? નું નિરાકરણ કરવામાં આવ્યું છે. શ્રીજી જણાવે છે કે મનુષ્ય માત્ર એ પ્રિયતમ પરમાત્માની આત્મપ્રિયા છે. તેમની આત્મઅંગના છે. આ ભાવને દ્રઢ કરી લેવાથી આત્મા સ્વયં પરમાત્માનું સર્વોચ્ચ કક્ષાનું સુખ લઈ શકે છે. જ્યારે પરબ્રહ્મ અક્ષરાતીતે પોતાની દિવ્યશક્તિઓથી આવેશીત સ્વરૂપમાં નિજાનંદ સ્વામી શ્રી દેવચંદ્રજીને (ઈ.૧૫૮૧-૧૬૫૪ માં) દર્શન આપ્યાં ત્યારે તારતમજ્ઞાન નું અવતરણ આ બ્રહ્માંડમાં સંવંત ૧૬૨૧ માં થયું. આ બીજરૂપ રહેલું જ્ઞાન આગળ જતાં શ્રી કુલજમ સ્વરૂપ રૂપે વટવૃક્ષ બની ગયું. જે આજે સમસ્ત સંસારને સુખ-શીતળતા પ્રદાન કરી રહ્યું છે. શ્રી કુલજમ સ્વરૂપ અંતર્ગત બ્રહ્મજ્ઞાનનું અવતરણ ઈ. ૧૬૫૯ (નૌતનપુરી જામનગર) થી ઈ.સ. ૧૬૯૨ (પન્ના, મ.પ્ર.) સુધી ૩૩ વર્ષના ગાળામાં આત્મજાગૃતિ ની યાત્રા દરમ્યાન અલગ-



અલગ સ્થળો પર થયું. તેમાં ૧૭ રત્નરૂપી ગ્રથોમાં કુલ ૧૮૭૫૮ ચોપાઈઓ આવેલી છે.

નિજાનંદના રસ્તે આગળ વધતા આત્મજનો માટે તે સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાનમયી સ્વરૂપ જ છે. આ વાણીમાં જે 'મહામતિ' ની ઓળખ છે તે પ્રિયતમ પરબ્રહ્મની સર્વોત્તમ દિવ્યશક્તિઓનો મહાપુંજ છે. જેમનું સાંસારિક નામ મિહિરરાજ ઠાકુર (ઈ.સ. ૧૬૧૮-૧૬૯૪) છે. તેઓ પ્રિયતમ પરબ્રહ્મની મેહરથી મહામતિ નું પદ પ્રાપ્ત કરે છે. તેમના તન દ્વારા પરબ્રહ્મ અક્ષરાતીતની લીલાઓ થવાથી તેમની ભજના કરવાવાળો 'સુંદરસાથ' સમુદાય તેમને પ્રાણનાથ તરીકે ઓળખી પ્રણામ કરે છે. જ્યારે ખરેખર તો ક્ષરપુરૂષ તથા અક્ષરબ્રહ્મથી પર એવા અક્ષરાતીત પરબ્રહ્મ જ શ્રી પ્રાણનાથ છે.

જામનગર (ગુજરાત રાજ્ય)માં દિવાન પદે બિરાજમાન મિહિરરાજે પોતાના સદ્ગુરૂ નિજાનંદચાર્ય શ્રી દેવચંદ્રજી (ઈ.૧૫૮૧-૧૬૫૪)ની પ્રેરણાથી સંસારનાં ભૌતિક સુખોનો ત્યાગ કરીને આત્મ-જાગૃત્તિ માટેનો મહાસંકલ્પ લીધો. ૧૨ વર્ષની નાની ઉંમરે તેમણે સદગુરૂનું શરણું લીધું અને તારતમ જ્ઞાન પ્રાપ્ત કર્યું. અદ્વૈત પ્રેમના સ્વરૂપની ઓળખ પ્રાપ્ત કરીને પોતે સેવા, સમર્પણ અને પ્રેમની મૂર્તિ બની ગયા. આધ્યાત્મિકતાને પોતાના જીવનમાં કેન્દ્રસ્થાને રાખી તેમણે પોતાનો કુટુંબ ધર્મ, સમાજ ધર્મ, રાષ્ટ્રીય ધર્મ અને માનવ ધર્મ નિભાવ્યો. માનવતાવાદી દૃષ્ટિકોણથી તેમણે પ્રત્યેક માનવમાં રહેલી આત્મ ચેતનાને પરમાત્મ ચેતના સાથે જોડી. વ્યક્તિ, સમાજ, ધર્મ અને વિશ્વ સમુદાયને એક આધ્યાત્મિક કડીથી જોડ્યું. આથી તેમના એકીકરણના પ્રયત્નોન તથા તેમની હિતકર વાણીનું સાચું મૂલ્યાંકન સાંપ્રદાયિક વિચારધારાથી પરે રહીને જ કરી શકાય.

તેની સાથે સાથે સામાજિક જીવનના મહત્ત્વપૂર્ણ વ્યવહારિક પ્રશ્નોને પણ તેમણે ઉકેલ્યા. તેઓ સામાજિક ક્રાંતિ માટે નિમિત્તરૂપ બન્યા. ધર્મના નામે ફેલાયેલો અંધવિશ્વાસ, અસ્પૃશ્યતા, આભડછેટ છે, નાત-જાતના ભેદ, ઉંચનીચના ભેદ, વ્યસનોમાં ફસામણ, સ્ત્રીઓને થઈ રહેલા અન્યાય, ધાર્મિક અસહિષ્ણુતા, દેખાવ પૂરતું થતું ધર્મપાલન, કર્મકાંડની રૂઢ જડતા, ધાર્મિકક્ષેત્રે થઈ રહેલા આડંબર દ્વારા શોષણ વિગેરે સામાજિક સમસ્યાઓને ઉકેલવા

માટે ઉત્તમ માર્ગ બતાવ્યો. તેમણે આજથી ૪૦૦ વર્ષ પહેલાં રૂઢિગત મિથ્યા મર્યાદાઓમાં ફસાયેલા સમાજમાં નવી ચેતના જાગૃત કરી, જેની આજના સામાજિક જીવનમાં અત્યંત જરૂર છે.

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી એ પણ બાળપણમાં તેમની માતા પુતળીબાઈ દ્વારા અહિંસક આંદોલન અને રેંટીયા દ્વારા ક્રાંતિની પ્રેરણા શ્રી પ્રાણનાથજીના તારતમજ્ઞાન દ્વારા મેળવી હતી. આમ, વિશ્વના મહાન માનવતાવાદીઓ અને વિચારકો પર શ્રી પ્રાણનાથજીના જ્ઞાનનો પ્રભાવ સ્પષ્ટ રીતે જોવા મળે છે.


આ પુસ્તિકામાં રજૂ કરેલ દિવ્યવાણીની ચોપાઈઓ શ્રી પ્રાણનાથજીના દિવ્યજ્ઞાનનો મહિમા દર્શાવે છે.

પ્યારે સાથજી ! આ તારતમવાણીના મહાત્મ્યથી જ ઈ.સ.૧૬૭૮માં (સંવત ૧૭૩૫) હરિદ્વારમાં મહાકુંભના પર્વ દરમ્યાન મહામતિજી વિજ્યાભિનંદ નિષ્કલંક બુધ્ધના રૂપમાં જાહેર થયા હતા. એટલું જ નહીં મોગલ સમ્રાટ ઔરંગઝેબના દરબારમાં સર્વધર્મ એકીકરણનો સંદેશો લઈને બાર સુંદરસાથને મોકલ્યા હતા. મોગલ સમ્રાટને ધર્મનું સાચું સ્વરૂપ બતાવ્યું તથા અનેક હિંદુરાજાઓને પણ અધ્યાત્મ જ્ઞાન દ્વારા જાગૃત કર્યા. આખરે તેમને મળ્યા બુંદેલા છત્રસાલ, (ઈ.સ.૧૬૪૯-૧૭૩૧) જેમણે પોતાની છત્રછાયામાં બુંદેલખંડમાં એક આદર્શ આધ્યાત્મિક રાજ્યની સ્થાપના કરી અને તેની રાજધાની પન્ના શહેર(મ.પ્ર.)ને વૈશ્વિક ચેતનાનું કેન્દ્ર બનાવ્યું.

પ્યારે સાથજી ! જ્ઞાન અને પ્રેમ તો વહેંચવાથી વધે છે. આથી આજે વિશ્વભરમાં કરોડો લોકો આ બ્રહ્મજ્ઞાનના માર્ગદર્શન થકી પોતે જાગૃત થઈ સંસારને સહાયરૂપ થવાની સેવા બજાવી રહ્યા છે. શ્રી પ્રાણનાથ વૈશ્વિક ચેતના અભિયાન થી અભિભૂત થઈ પ્રેમીજનો આપ સુધી સદ્‌ભાવનાથી વાણીનું આ પુષ્પ (જ્ઞાનરૂપી) લઈને આવ્યા છે.

આપનું જીવન આ પુષ્પની દિવ્યસુગંધથી મધમધી ઉઠે અને આપ પોતે પણ આ મહેંકને અન્યો સુધી પહોંચાડવા કમરકસો એવી મંગલકામના વ્યક્ત કરીએ છીએ. આપના આત્મસ્વરૂપ ને કોટિ કોટિ પ્રણામ.







## બ્રહ્મજ્ઞાન - પ્રિયતમ પરમેશ્વરની સંસારને અમૂલ્ય ભેટ

પરમાત્માએ મનુષ્યને 'જ્ઞાન' અને 'પ્રેમ' આ બે લક્ષણો અણમોલ રત્નોની રૂપમાં ભેટ આપ્યાં છે. તેનું મૂલ્ય જાણીને પોતાનું જીવન ઉન્નત બનાવવાવાળો મનુષ્ય બંને સ્થળે(લોક-પરલોક, કાલમાયા-યોગમાયા)માં ધન્ય ધન્ય બની જાય છે. જ્ઞાન અને પ્રેમ ને ઉન્નત બનાવીને જ આત્માના આનંદને અર્થાત્ પોતાના નિજાનંદને પ્રાપ્ત કરી શકાય છે.

સાથીઓ ! બુધ્ધિનાં સ્પંદનોથી જ્ઞાન ઓજસ્વી બને છે જ્યારે હૃદય સ્પંદિત થતાં વ્યક્તિને જ્ઞાન પ્રાપ્ત થાય છે. જ્ઞાન અને બુધ્ધિનો સંબંધ મસ્તિક સાથે છે જ્યારે પ્રેમ અને ભક્તિનો સંબંધ હૃદય સાથે છે. આથી આ બંનેના સહયોગ થી જ આપણા જીવનમાં સફળતા અને સુખ નો પાક લહેરાય છે. તેનાથી આપણે આપણી જાતને તથા આપણા અસ્તિત્વના મૂલ સ્ત્રોત પરમાત્માને ઓળખીને તેમના ચરણોમાં પહોંચી શકીએ છીએ. એટલું જ નહીં તેમના દિવ્ય સ્વરૂપમાં એકાકાર પણ થઈ શકીએ છીએ.

વેદ વાક્ય છે. "બ્રહ્મવિધામ્ સર્વ વિદ્યાતિસ્યા" એટલે કે બ્રહ્મવિદ્યમાં સર્વ પ્રકારના જ્ઞાનની આધાર શીલા છે. આ એવું દિવ્ય ઝરણું છે.

જેમાંથી જ્ઞાનની સર્વ શાખાઓ પ્રકટ થાય છે. જેવી રીતે વિશાળકાય વૃક્ષની બધી ડાળીઓ સુધી પોષક તત્ત્વો મૂળ દ્વારા પહોંચે છે તેવી રીતે બ્રહ્મવિદ્યાથી જ્ઞાનની બધી શાખાઓને સદાય જીવનરસ મળતો રહે છે.

આ સંસારમાં બ્રહ્મજ્ઞાન જ એક એવું ધન(સંપત્તિ) છે જે મનુષ્યને અમરત્વ બક્ષવા માટે સક્ષમ છે. અખંડ મોક્ષનો માર્ગ અહીંથી શરૂ થાય છે. બ્રહ્મજ્ઞાન એવી રાજવિદ્યા છે જે બધી વિદ્યાઓમાં શ્રેષ્ઠ છે. તેનાથી સચ્ચિદાનંદ પરબ્રહ્મ પરમાત્માનાં સ્વરૂપ, ધામ અને લીલાની ઓળખ(પહેચાન) થાય છે. જીવ, આત્મા અને પરઆત્મા ના સ્વરૂપ અને તેમના પરસ્પર સંબંધની જાણ થાય છે. સૃષ્ટિ અને અનંત બ્રહ્માંડોના રહસ્યનું જ્ઞાન થાય છે. ધર્મના નામે ચાલતી સંપ્રદાયોની સંકુચિતતા બ્રહ્મજ્ઞાનથી સમાપ્ત થઈ જાય છે. સાચા સતગુરૂ (જ્ઞાની પુરુષ)ની કૃપાદૃષ્ટિ અને માર્ગદર્શનમાં બ્રહ્મજ્ઞાન દ્વારા આ શક્ય બની શકે છે.

સાથીઓ ! અમે તમોને એવા બ્રહ્મજ્ઞાનનો પરિચય કરાવવા માંગીએ છીએ જે અત્યાર સુધી સંસારમાં અજ્ઞાત હતું અને તેનું અવતરણ આ ભાગ્યશાળી ૨૮મા કલિયુગના અંતિમ ચરણમાં થવાનું શાસ્ત્રોમાં પહેલેથી જ લખાયું છે.

આ  છે શ્રી કુલજમ સ્વરૂપમાં આવેલું શ્રી





પ્રાણનાથજીનું તારતમ જ્ઞાન. સચ્ચિદાનંદ પરમાત્માના હૃદયકમલમાં પ્રવાહિત પ્રેમ જ આ જગતમાં આ બ્રહ્મજ્ઞાનના રૂપમાં આવ્યો છે. સાક્ષાત્ પરબ્રહ્મના મુખારવિંદનાં વચનો તેમની (નિજ) આવેશ શક્તિના રૂપમાં શ્રી મહામતિજીના માધ્યમથી અનંત સાગરના રૂપમાં સ્વયં પ્રગટ થયાં છે.

આ દિવ્યવાણી આત્મા તથા પરમાત્મા એટલે કે અંગ અને અંગીની અનુપમ ગાથા ના રૂપમાં પ્રગટ થઈ છે. આ જ્ઞાનના પ્રકાશથી સંસારનો અજ્ઞાનરૂપી અંધકાર નાશ થવાનો છે. દરેક ધર્મગ્રંથોના ગૂઢ રહસ્યોને ખોલીને આત્માને ક્ષર, અક્ષરથી પરે અક્ષરાતીત ઉત્તમ પુરુષના પરમધામમાં સ્થિત કરવાવાળી, પૂર્વે અવતરિત ધર્મગ્રંથોમાં રહેલી અપૂરતાઓ તથા અસ્પષ્ટતાઓ દૂર કરીને સમગ્ર સૃષ્ટિના જીવોને એકરસ કરવાવાળી આ દિવ્યવાણી સર્વે ધર્મશાસ્ત્રોના જ્ઞાનરૂપી મંદિર પર કલશની જેમ સુશોભિત છે.

તેને ‘નૂરી ઈલમ’ (દિવ્યજ્ઞાન) પણ એટલા માટે કહેવામાં આવે છે કે આ જ્ઞાન (ઈલમ)પરબ્રહ્મના હૃદયમાંથી જગતમાં પ્રગટ થયું છે. આથી સંશયરહિત(નિષ્કલંક) છે. આ જ્ઞાનને પોતાના હૃદયમાં અંકિત કરીને જ પ્રેમનું સાચું સ્વરૂપ પ્રગટ થાય છે.



સાથિઓ ! જાગ્રતજ્ઞાન(પરમધામથી અવતરિત જ્ઞાન)થી જ મિથ્યા અહંકાર નાશ પામે છે અને હ્રદયમાં પ્રેમના અંકુર ફૂટે છે. પ્રેમનું પ્રાગટ્ય બ્રહ્મજ્ઞાન આધારિત નિજસ્વરૂપના ધ્યાને અથવા ચિતવનીથી થાય છે. ચિતવની ની સફળતાનો આધાર અંતઃકરણમાં બ્રહ્મજ્ઞાનને આત્મસાત કરવા પર તથા જ્ઞાનને આચરણમાં ઉતારવા પર આધાર રાખે છે. બ્રહ્મજ્ઞાન થી પરમાત્માની ઓળખ કરી લેવાથી જ્યારે આપણી કથની, કરણી અને રહેણી (આત્મિક દશા) માં એકરૂપતા આવે છે ત્યારે નિજસ્વરૂપની ઓળખ થાય છે. પ્રિયતમ પરમાત્માની કૃપા ઉતરે છે અને દિવ્ય મિલનનાં દ્વાર ખુલે છે.

સાથીઓ ! નિશ્ચિત રીતે જાણી લો કે આ બ્રહ્મજ્ઞાન આપનાં મન, હ્રદય, જીવ અને આત્માને પ્રિયતમ સાથે જોડી દેશે. આપણા જ્ઞાન, પ્રેમ, ધ્યાન અને ચિતવનનને એક કરી દેશે. પૂર્ણબ્રહ્મ નાં શ્રી ચરણમાં બેઠેલી આપણી પરઆતમ સાથે તાર જોડી દેશે. (સંધાન કરી દેશે.) આ બ્રહ્મજ્ઞાન આપણને દિવ્ય પરમધામનાં ઈશ્ક આનંદમાં રમણ કરાવશે. આ નિજાનંદનું સુખ છે જે આપણે ક્ષણે ક્ષણે ઈચ્છી રહ્યાં છીએ.

તો આવો હવે ! આ બ્રહ્મજ્ઞાનના મહાસાગરમાંથી કેટલીક પસંદ કરેલી મોતી સમાન





ચોપાઈઓનું આત્મ મંથન કરીએ. આશા છે કે આ બ્રહ્મવચનોમાં છુપાયેલો ભાવ આપના હ્રદયને સ્પર્શી જશે અને આત્મજાગૃત્તિની આપની યાદમાં સહાયરૂપ બનશે.

### તારતમ બ્રહ્મજ્ઞાનઃ
### અમૂલ્ય જીવનમાં અમૂલ્ય ભેટ


**તારતમ લઈ શ્રી રાજ પધારયા,**
**થયું તે સર્વને જાણ ।**
**સખિયોં કહે અમે આવીને મલશું,**
**મલ્યા તે મૂલ એંધાણ ॥**

**કિરંતન ૧૨૪/૫**

"મોહ, માયા અને અજ્ઞાનના અંધકારમાંથી અખંડ આનંદના પ્રકાશમાં લાવવાવાળું તારતમ બ્રહ્મ જ્ઞાન લઈને પ્રિયતમ પરબ્રહ્મ "શ્રી રાજ" પોતે પધાર્યા છે. ઘણી આનંદની વાત છે કે બધા લોકો હવે તે જાણતા થયા છે. અખંડ પરમધામની બ્રહ્માત્મા સખિયો ખૂબ જ આનંદ અને ઉત્સાહમાં આવી કહી રહી છે. હવે અમે અમારા પ્રિયતમ પરમેશ્વરને દોડી ને મળીશું. હવે અમને આ તારતમ જ્ઞાનથી અમારા મૂળઘર "સ્વ લીલા અદ્વૈત" ધામની સઘળી નિશાનીઓ મળી ગઈ છે."

**એ ભારે વચન છે નિરધાર,**
**સાથ કરશે એહ વિચાર ।**
**જો ના કહૂં સતનો સાર,**
**તો સાથ કેમ પહોંચસે પાર ॥**

**રાસ ૧/૪૫**




"બ્રહ્મજ્ઞાનનાં આ વચન બહુ જ ગૂઢ અને મહત્વપૂર્ણ છે. કોમળ અને નિર્મળ હૃદયવાળા સાથી (સુંદરસાથ) ચોક્કસ તેના પર ગંભીરતાપૂર્વક વિચાર કરશે. જો હું આપને સત્યજ્ઞાન નો સાર (તાત્પર્ય) નહીં કહું તો મારા ધામના મૂલ સંબંધી એટલે કે આપ સર્વે આત્માઓ ભવથી પાર (અજ્ઞાનતા થી મુક્ત) કેવી રીતે થશો.?"

**ના કહેવાય માયા માંહે આ વાણી,**
**પણ સાથ માટે કહેવાણી ।**
**સાથ આવશે રૂદે આણી,**
**તે મૈં નેહેચે કહ્યું જાણી ॥**

**રાસ ૧/૪૪**

"જો કે તારતમ બ્રહ્મજ્ઞાનનાં વચનો આ સંસારમાં કહેવા યોગ્ય નથી. પરંતુ આપણ સૌ સાથિઓ (સુંદરસાથ)ના આધ્યાત્મિક લાભાર્થે જ આ અવતરિત થયાં છે. આ વચનોને હૃદયમાં ધારણ કરીને જ સર્વે આત્મીય સાથી પ્રિયતમ ના શ્રી ચરણોમાં જાગૃત થશે. મને આ વાત પર પૂરો વિશ્વાસ છે."

ઈશ્ક અને ઈમાનના સહયોગથી જ ખુદાઈ ઈલમ (તારતમ જ્ઞાન) ખુદાઈ ફળ (આત્મિક ઉન્નતિ) પ્રાપ્ત કરાવે છે.





**વિશ્વાસ કરકે દૌડે જે,**
**તારતમ કા ફલ સોઈ લે ।**
**તિન કારણ કરોં પ્રકાશ,**
**બ્રહ્મસૃષ્ટિ પૂરણ કરું આશ ॥**

**પ્રકાશ હિન્દી ૧૯/૨૦**


"હવે જો કોઈ પણ તારતમ બ્રહ્મવાણી પર વિશ્વાસ કરીને પરબ્રહ્મ પરમાત્માને અનન્ય પ્રેમથી સમર્પિત થશે તે અવશ્ય આ ફળ (આનંદ, બ્રહ્મ સાક્ષાત્કાર) પ્રાપ્ત કરી લેશે. આપ સર્વે બ્રહ્માત્માઓની ઈચ્છા પૂરી કરવા માટે જ આ બ્રહ્મવાણીનું પ્રાકટ્ય કરી રહ્યો છું."

**કહતી હૂં ઉમ્મત કો,**
**સુનસી સબ સંસાર ।**
**મકસૂદ તિન કા હોયસી,**
**જો લેસી એહ વિચાર ॥**

**ખુલાસા ૧૬/૧**

"આમ તો ધામના મૂલ સંબંધી બ્રહ્માત્માઓને પરબ્રહ્મ ના દિવ્ય સ્વરૂપની ઓળખ કરાવવા માટે જ આ બ્રહ્મજ્ઞાન કહેવામાં આવ્યું છે. આ જ્ઞાન સમસ્ત સંસાર સાંભળશે. પરંતુ જે કોઈ આના પર પૂર્ણ વિશ્વાસ કરશે ફક્ત તેને જ અખંડનું સુખ પ્રાપ્ત થશે."

શ્રી પ્રાણનાથજી કહે છે કે આત્મારૂપી પંખી બ્રહ્મજ્ઞાન(ઈલમ) રૂપી બળતણ (શક્તિ) તથા અનન્ય પ્રેમ (ઈશ્ક) અને અતૂટ શ્રધ્ધા (ઈમાન)રૂપી પાંખોથી અક્ષરાતીત પરમધામની સફર કરી શકે છે.



આ પ્રકારની ભક્તિથી પૂર્ણપ્રેમનું સ્વરૂપ પ્રાપ્ત થવાથી જ આત્મ-જાગણીનો દિવ્ય યજ્ઞ પૂર્ણ થાય છે.''

**ઈલમ ખુદાઈ ના હોતા,**
**તો ક્યોં સંદેશ પહૂંચત ।**
**નૂર તજલ્લા કે અંદરકી,**
**કૌન ઈશારતેં ખોલત ॥**

**ખિલવત ૩/૪૫**

''સાથીઓ, જો આપને ખુદ પરબ્રહ્મ (અક્ષરાતીત પરમાત્મા) દ્વારા આ તારતમ રૂપી જ્ઞાન આત્મિક બળ પ્રદાન કરવાવાળું જ્ઞાન(બળતણ) બક્ષીસમાં ન મળ્યું હોત તો તમારા દ્વારા મોકલેલ સંદેશો (અર્જી, પ્રાર્થના) તેમના સુધી કેવી રીતે પહોંચત ! આ અદ્‌ભૂત બક્ષીસ વિના અક્ષરાતીત પ્રિયતમના સહવાસમાં થનારી ઈશ્ક-આનંદની લીલાની રહસ્યમયી વાતોને કોણ સ્પષ્ટ કરત ?''

**તમે તારતમના દાતાર,**
**અજવાલૂં કિધું અપાર ।**
**સાથ તણા મનોરથ જેહ,**
**સર્વ પૂરન કીધા તેહ ॥**

**રાસ ૨/૧૦**

'હે પ્રિયતમ પ્રાણનાથ ! આપ જ તારતમ જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશ આપવાવાળા છો. તેનાથી અમારા હૃદયમાં તથા સારા બ્રહ્માંડમાં જ્ઞાનનો અપાર પ્રકાશ ફેલાઈ રહ્યો છે. આપણી સૌ સુંદરસાથની જેટલી પણ મનોકામનાઓ હતી તેને





આપે જ પૂર્ણ કરી દીધી છે.'

**તારતમ જ્ઞાન સંસારમાં સૌથી ન્યારું છે.**

**વાણી મેરે પિયુ કી ન્યારી જો સંસાર ।**
**નિરાકાર કે પાર થેં, તિન પાર કે ભી પાર ॥**

**પ્રકાશ હિ. ૩૭/૩**

''હે ધણી ! આપની દિવ્યવાણી આ સંસારમાં સૌથી નિરાલી (ન્યારી) છે. આ અભિનવ જ્ઞાન આપણને એવા સર્વશ્રેષ્ઠ અક્ષરાતીત પરમધામમાં લઈ જનારું સક્ષમ છે જે સાકાર અને નિરાકારની ઉપમાઓથી સંલગ્ન પરંતુ અસત્ય, જડ અને દુ:ખરૂપી કાલમાયાના બ્રહ્માંડથી પરે છે. એટલું જ નહીં તે આપણને અક્ષરબ્રહ્મના અખંડ ધામથી પણ પરે પહોંચાડનારું છે.''

**યા વાણી કે કારને,**
**કઈકરે તપસન ।**
**યા વાણી કે કારને,**
**કઈ પીવેં અગિન ॥**

**પ્રકાશ હિ. ૩૧/૯૪**

''આ બ્રહ્મજ્ઞાનની પ્રાપ્તિ માટે કેટલાય ઋષિઓ તથા મુનિઓએ પહેલાં ઘોર તપસ્યાઓ કરી છે. બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને બ્રહ્મનો આનંદ પ્રાપ્ત કરી શકાય એટલા માટે કેટલાય સાધકોએ અગ્નિપાન પણ કર્યું છે છતાં પણ તેઓને નિર્ધારિલ ફળ પ્રાપ્ત થયું નથી. જે આપણને આ સમયે મળી રહ્યું છે.''



**તારતમ જોત ઉદ્યોત હૈ,**
**તિનથેં કહા હોય ।**
**એક સુપન દૂજી વતન,**
**જીવ દેખે દોય ॥**


**પ્રકાશ હિ. ૩૧/૧૨૮**

"પ્રિય આત્મખોજી સાથીઓ ! તારતમ જ્ઞાનની જ્યોતિ પ્રખર અને ખૂબ જ પ્રભાવશાળી છે. આ વાણીના પ્રકાશમાં એવો ચમત્કાર રહેલો છે કે એક વખતે જીવ સ્વપ્નવત્ બ્રહ્માંડ પણ દેખતો રહે છે અને મૂલ વતન અખંડ પરમ ધામનું જ્ઞાન પણ થતું રહે છે."

**તારતમ રસ વાણી કર,**
**પિલાઈએ જાકો ।**
**જેહેર ચઢ્યા હોએ જિમીકા,**
**સુખ હોવે તાકો ॥**

**પ્રકાશ હિ. ૩૧/૧૩૭**

"તારતમ વાણીનો રસ જેને પિવડાવવામાં આવે (સંભળાવવામાં આવે) તેને કદાચ આ માયાવી જગતનું મિથ્યા આકર્ષણ લાગેલું હોય તો તે દૂર થઈ જાય છે. એટલે કે માયાની શક્તિ ને ઓળખી જઈ જીવ ભ્રમ અને અજ્ઞાનની નિંદમાંથી જાગી જાય છે. તેના પર માયાના ઝેરની કોઈ અસર થતી નથી અને અખંડ સુખ પ્રાપ્ત થઈ જાય છે."





**એહી તુમારી ભૂલ હૈ,**
**તુમેં બંધન યાહી બાત ।**
**એહી ફરામોશી તુમકો,**
**જો ભૂલ ગયે હક જાત ॥**

**ખિલવત ૧૫/૬૪**

"હે બ્રહ્માત્માઓ ! આ જ તમારી ભૂલ છે. માયાના બંધનમાં બંધાઈ જવાનું કારણ એ છે કે તમે અજ્ઞાન ભ્રમરૂપી નિંદમાં પોતાના મૂલ તન, યુગલ સ્વરૂપ પ્રિયતમ ધામધણીથી અંગ અને અંગના નો સંબંધ પૂર્ણરૂપે ભૂલી ગયાં છો."

**બિના વિચારે રેહત હૈ,**
**તુમ પે હક ઈલમ ।**
**એ સહૂર રુહેં પોહંચહીં,**
**તબ હી ઉડે તિલસમ ॥**

**ખિલવત ૧૫/૭૪**

"તમારી પાસે પરબ્રહ્મ પરમાત્માનું આપેલું તારતમ જ્ઞાન તો છે પરંતુ તમે તેનું ચિંતન-મનન(મંથન) કરતા નથી. જો બ્રહ્માત્માઓના દિલમાં બ્રહ્મજ્ઞાન નો રસ ઉતરી જાય અને જ્ઞાન અમલમાં આવી જાય તો માયાનું આ બંધન (ફાંસો) તો થોડીવારમાં ઉતરી જાય છે".

**એહી રસ તારતમ કા,**
**ચઢ્યા જેહેર ઉતારે ।**
**નિરવિખ કાયા કરે,**
**જીવ જાગે કરારે ॥**

**પ્રકાશ હિ. ૩૧/૧૪૨**

"સાથિઓ ! એક વાત નિશ્ચિત રીતે જાણી



લોકે તારતમ બ્રહ્મજ્ઞાન નો આ રસ અંતઃકરણમાં લાગેલા માયાના ઝેરને ઉતારી દે છે. આ બ્રહ્મજ્ઞાન જ અજ્ઞાન મોહ, અહંકાર ને સમાપ્ત કરીને આપણી જાતને નિર્મલ બનાવે છે. પરિણામે 'જીવ' જાગૃત થઈને અખંડ સુખ અને શાંતિ પ્રાપ્ત કરી લે છે. એટલા માટે જો તમારો આત્મા સાક્ષી પૂરે તો તમે તારતમવાણી ને સત્ય માની તેને અપનાવી લો(આત્મસાત કરો) તેનાથી તમને ચોક્કસ પરમધામનાં અખંડ સુખ પ્રાપ્ત થશે.

**સુખ બડે તારતમ કે,**
**ક્યોં જાહેર કીજે ।**
**વાની માએને દેખકે,**
**જીવ જગાએ લીજે ॥**

**પ્રકાશ હિ. ૩૧/૧૪૪**

"તારતમ બ્રહ્મજ્ઞાનનાં સુખ અપાર છે. તેને કેવી રીતે વર્ણવી શકાય ? તમે જાતે જ વાણીનું મંથન કરીને તમારા જીવ ને જાગૃત કરી લો."

**એ વચન સુનતે બાઢેબલ,**
**સોઈ લેસી તારતમ કો ફલ ।**
**તારતમ ફલ જાગિએ ઈન ઘર,**
**કહે મહામતિ એ હિરદે ધર ॥**

**પ્રકાશ હિ. ૩૪/૨૪**

"તારતમ બ્રહ્મજ્ઞાનનાં આ વચનો સાંભળવા માત્રથી આત્મિક બળ વધવા લાગે છે, તે રહેણીમાં આવતાં તેનાં ફળ (બ્રહ્માનંદ) ને પ્રાપ્ત કરી લે છે. તેના પરિણામ સ્વરૂપે અંતે તેની આત્મા (સૂરતા,



ધ્યાન) પરમધામમાં રહેલી મૂલ તન (પરઆતમ)માં જાગૃત થઈ જાય છે. પ્રિયતમની દિવ્ય શક્તિઓથી વિભૂષિત હું મહામતિ આ વચનોને સર્વપ્રથમ મારા હૃદયમાં ધારણ કરીને આપને કહું છું."

**કુંજરકાઢોં ચીંટી મુખ,**
**સુધ આનો શરીર ।**
**તારતમ કહે જુદે જુદે,**
**કરોં ખીર ઔર જાર ॥**

**પ્રકાશ હિ. ૩૧/૧૫૮**

"તારતમ જ્ઞાન દ્વારા કીડી રૂપ (કમજોર, અસ્તિત્વજ્ઞાન) માયાના મુખમાંથી આપ હાથીરૂપ (શક્તિશાળી, સત્યસ્વરૂપ) બ્રહ્માત્માઓને સદાને માટે મુક્ત કરી દઈશ. આપને આપના મૂલ તન (દિવ્ય સ્વરૂપ)ની ઓળખ કરાવી દઈશ. તારતમજ્ઞાનનું વર્ણન કરીને દૂધ અને પાણી (બ્રહ્મ અને માયા) ને અલગ અલગ કરી દઈશ."

**તારતમ કા બલ કોઈ ન જાને,**
**એક જાને મૂલ સરુપ ।**
**મૂલ સરુપ કે ચિત્ત કી બાતેં,**
**તારતમ મેં કઈ રુપ ॥**

**કલશ હિ. ૨૩/૫૫**

"સાથીઓ ! સત્યવાતતો એ છે કે તારતમ ના બળને કોઈ જ જાણતું નથી. કેવળ સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્મા જ જાણે છે. તેમના હૃદયની ગૂઢ વાતો (રહસ્યમય) તારતમ બ્રહ્મજ્ઞાનમાં અનેક રૂપે પ્રગટ થઈ છે."

**એ વાણી ગરજત માંઝ સંસાર,**
**ખોજી ખોજ મિટાવે અંધાર ।**
**મૂઢમતિ ના જાને બિચાર,**
**મહામતિ કહે પુકાર પુકાર ॥**

**કિરંતન ૩/૯**

"આ બ્રહ્મવાણીની ગર્જના (પ્રચાર-પ્રસાર) હજુ, સંસારમાં થઈ રહી છે. જો કોઈ પણ આત્મજ્ઞાની અથવા જિજ્ઞાસુ શોધક છે તો તે તેને ગ્રહણ કરીને પોતાના હ્દયના અજ્ઞાનરૂપી અંધકારને દૂર કરી રહ્યા છે. પરંતુ જેની બુધ્ધિ જ ભ્રષ્ટ થઈ ગઈ છે (ભ્રમિત થઈ ગઈ છે) એવા મનુષ્યો આના પર ગંભીરતાપૂર્વક વિચાર કરતા નથી. બ્રહ્મવાણીને સાંભળી ન સાંભળી કરવાવાળાઓને મહામતિજી પોતાની બુલંદ અવાજથી પોકારી-પોકારી તેમને સમજાવી રહ્યા છે."

**કલામ અલ્લા યા હદીસેં,**
**શાસ્ત્ર પુરાન યા વેદ ।**
**એ સબ સુખ લેવે મોમિન,**
**હક રસના કો ભેદ ॥**

**સિનગાર ૧૬/૧૯**

"કુરાન (કલામ અલ્લાહ) હોય કે હદીસેં, શાસ્ત્ર પુરાણ હોય કે વેદ આ બધા ધર્મગ્રંથોમાં સંકેતમાં વર્ણન કરવામાં આવ્યું છે કે બ્રહ્મજ્ઞાનનાં સુખ (તારતમ જ્ઞાનના પ્રકાશમાં) બ્રહ્માત્માઓજ પ્રાપ્ત કરી શકે છે."



**રુહોં લજ્જત માંગી હક પે,**
**અર્સ કી દુનિયા માહેં ।**
**તો ઈલમ દિયા સબોં અપના,**
**બિના ઈલમ લજ્જત નાહેં ॥**

**સિનગાર ૨૮/૨૩**

"પરમધામનાં અખંડ સુખોનો સ્વાદ આ નશ્વર જગતમાં મળે એવી ઈચ્છા આપણે બ્રહ્માત્માઓએ પરબ્રહ્મ પાસે વ્યક્ત કરી હતી. આથી જ તો તેમણે આપણને તારતમ બ્રહ્મજ્ઞાન આપ્યું છે. બ્રહ્મજ્ઞાન વિના આત્માને પરમધામના અખંડસુખોનો અનુભવ થઈ જ શકતો નથી."

## બ્રહ્મવાણીનો ચમત્કારઃ બધે પ્રેમ જ પ્રેમ

**ઐસા ઈલમ હકે દિયા,**
**હુઆ ઈશ્ક ચૌદે ભવન ।**
**મૂલડાર પાત પસરયા,**
**નજરોં આયા સબન ॥**

**સિનગાર ૨૮/૩૫**

"ધામધણીએ આપણને બ્રહ્માત્માઓને બ્રહ્મવાણીના રૂપમાં એવું દિવ્યજ્ઞાન આપ્યું છે કે જેનો અમલ કરીને સર્વે બ્રહ્માત્માઓને ચૌદલોકના આ બ્રહ્માંડમાં સર્વત્ર બસ પ્રેમ જ પ્રેમ નજરે આવે છે." (સંસારમાં જે કંઈ થઈ રહ્યું છે તે રાજજીનો પ્રેમ જ છે.)



**નજરો આયા સબન કો,**
**જબ પ્રસરયા એ ઈલમ ।**
**તબ ઔર ન દેખે કછૂ નજરોં,**
**બિના ઈશ્ક ખસમ ॥**

**સિનગાર ૨૮/૩૭**

“જ્યારે બ્રહ્મવાણીના જ્ઞાનનો પ્રચાર-પ્રસાર ચારે બાજુ થઈ જશે ત્યારે દરેકને બધે જ (દરેક ક્રિયામાં) પ્રિયતમ પરમાત્મા નો પ્રેમ જ નજરે આવશે. તે સમયે કોઈને પણ પ્રિયતમ પરમાત્માના પ્રેમ સિવાય બીજું કશું જ નહીં દેખાય.”

**જબ એ ઈલમ રુહોં પાઈયા,**
**ઈશ્ક હો ગયા ચૌદે તબક ।**
**ઔર દેખે ન કછુએ નજરોં,**
**સબદેખે ઈશ્ક હક ॥**

**સિનગાર ૨/૩૩**

“તારતમ બ્રહ્મજ્ઞાનનો પ્રકાશ મળવાથી આપણી-બ્રહ્માત્માઓની દૃષ્ટિમાં આ ચૌદલોકના બ્રહ્માંડમાં બધે જ શ્રી રાજજીનો પ્રેમ જ પ્રેમ દેખાવા લાગ્યો. તેના સિવાય બીજું કશું જ દેખાતું નથી. દરેક જગ્યાએ પરમાત્માનો પ્રેમ જ પ્રેમ નજર આવવા લાગ્યો.”

**ઈલમ દિયા સબનકો,**
**કિયા અર્શ દિલ મોમિન ।**
**દૂર કર સબ હિસાબ,**
**આપ આયે અર્શ દિલ ઈન ॥**

**સિનગાર ૨૮/૨૦**

“પરબ્રહ્મ પરમાત્માએ સર્વે બ્રહ્માત્માઓને



તારતમ જ્ઞાન આપીને તેમના દિલમાં પોતાનું ધામ બનાવ્યું છે. પ્રિયતમ ધણીએ આ બ્રહ્મજ્ઞાનના પ્રકાશથી બ્રહ્માત્માઓના દિલમાં રહેલા અજ્ઞાનરૂપી પડદાને દૂર કરી દીધો છે. અને પોતે (નખ-શિખ સુધી શોભા સિનગાર સાથે) તેમના ધામ હૃદયમાં આવીને બિરાજમાન થઈ ગયાં છે.”

**એક ઈશ્ક દૂજા ઈલમ,**
**એ દોઉ મોમિનોં હક ન્યામત ।**
**ઈશ્ક ગરક વાહેદતમેં,**
**ઈલમેં હક અર્સ લજ્જત ॥**

**સિનગાર ૨૫/૭૭**

“પ્રેમ અને તારતમ જ્ઞાન આ બંનેનો અમૂલ્ય ખજાનો (નિધી) પ્રિયતમ પરબ્રહ્મે બ્રહ્માત્માઓને આપ્યો છે. અનન્ય પ્રેમથી બ્રહ્માત્માઓ પ્રિયતમ પરમાત્માના એકાત્મભાવ (અદ્વૈત સ્વરૂપ)ના આનંદમાં ડૂબી જાય છે અને તારતમ બ્રહ્મજ્ઞાન દ્વારા ધામધણી તથા પરમધામના અખંડ સુખોના આનંદનો અનુભવ કરતી રહે છે.”

**એ ઈલમ એ ઈશ્ક,**
**દોઉ ઈન હક કો ચાહેં ।**
**પર જિનકો હક જો દેત હૈં,**
**સો લેવે શિર ચઢાએ ॥**

**સાગર ૫/૧૪૦**

‘બ્રહ્મજ્ઞાન અને પ્રેમ એ બંને પ્રિયતમ ધણીની ચાહના ઈચ્છે છે. પરંતુ જે આત્માને શ્રી રાજજી બંનેમાંથી જે વસ્તુ જે પ્રમાણમાં આપે છે તેને

તે શિરોમાન્ય ગણી અપનાવી લે છે. (પ્રેમમાં જ્ઞાનનો અંશ હોય છે અને જ્ઞાનમાં પ્રેમનો અંશ હોય છે.) બંને શ્રી રાજજીના ચરણોમાં લઈ જવાવાળાં છે.''

**ઈલમ દિયા તુમેં ખુદાઈ,**
**તબ બદલે કૌલચાલ ।**
**ફૈલ હોવે વાહેદત કા,**
**તબ બેરના લગે હાલ ॥**


**ખિલવત ૧૫/૬૨**

''સાથીઓ ! પ્રિયતમ પ્રાણનાથે આપને પોતાનું તારતમ બ્રહ્મજ્ઞાન બક્ષિસ (ભેટ)માં આપ્યું છે. જેથી આપની કથની અને કરણી (આત્મિકદશા) બદલાઈ જશે. જ્યારે આપણી રહેણી (આચરણ) જાગૃતજ્ઞાન પર આધારિત(અદ્વૈત પરબ્રહ્મના દિવ્ય આત્મિક સંબંધને અનુરૂપ) થશે ત્યારે પોતાને અનન્ય પ્રેમની (આત્મિક) દશામાં આવવાની થોડી પણ વાર લાગશે નહીં.''

**બેશક ઈલમ સીખ કે,**
**ઐસે ખેલ કો પીઠ દે ।**
**દેખો કૌન આવે દૌડતી,**
**આગૂં ઈશ્ક મેરા લે ॥**

**ખિલવત ૧૬/૮૫**

''પરબ્રહ્મ ધણી એ જોવા માગે છે કે આપણા માંથી કઈ એવી આત્મા છે જે તેમના શંકારહિત તારતમજ્ઞાનનું મંથન કરીને હૃદયમાં ઉતારે છે. તેમના બતાવ્યા મુજબ માયાવી જગતના સુખોને





પીઠ બતાવી (આશા છોડીને) પોતાના દિલમાં તેમનો પ્રેમ ભરીને, અપાર ઉત્સાહથી તેમની પાસે દોડી આવે છે. સાથિઓ ! વિચાર કરવાનો છે શું આપણે પ્રિયતમ ધણીની ઈચ્છા પૂરી કરવા તૈયાર છીએ.?''

**એ ઈલમ લિએ ઐસા હોત હૈ,**
**આપ બેશક હોત હૈયાત ।**
**ઔર કાયમ હુએ દેખે સબકો,**
**પાવે દીદાર બાતૂન જાત ॥**

**સિનગાર ૨૮/૪૪**

તારતમ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થતાં એવી સ્થિતિ થઈ જાય છે કે પોતે જ નિશ્ચિતરૂપથી અખંડતાને પ્રાપ્ત કરી લે છે. (પોતાને અખંડ નિજ સ્વરૂપનું જ્ઞાન થઈ જાય છે.) અને તારતમ જ્ઞાન દ્વારા સમગ્ર સૃષ્ટિને અખંડ થતી જોઈ શકીએ છીએ. સાથે જ પરબ્રહ્મ અને તેમની આત્માઓનાં મૂલમિલાવાનાં દર્શન પણ કરી લઈએ છીએ.

**મહામત કહે એ મોમિનોં,**
**એ ઐસી કુંજી ઈલમ ।**
**એ મેહેર દેખો મહેબૂબ કી,**
**તુમકો પઢાએ આપ ખસમ ॥**

**સાગર ૧૨/૫૩**

''પ્રિયતમ પ્રાણનાથની દિવ્ય શક્તિઓથી વિભૂષિત હું મહામતિ કહી રહી છું કે, હે બ્રહ્માત્માઓ ! સમસ્ત ધર્મગ્રંથોનાં રહસ્યોને સમજાવતી આ તારતમજ્ઞાન રૂપી ચાવીનો મહિમા




આ પ્રકારે છે. પ્રિયતમ અક્ષરાતીતી ની અપાર મહેર તો જુઓ, કે તેઓ જાતે તમને આ બ્રહ્મવાણીનાં રહસ્યો તમારા હૃદયમાં બેસીને બતાવી રહ્યા છે.''

**શ્રી પ્રાણનાથજીની તારતમ વાણીનો સંક્ષિપ્ત પરિચય :-**

સાથીઓ ! તારતમ બ્રહ્મજ્ઞાનનો ભંડાર શ્રી કુલજમ સ્વરૂપના ૧૪(ચૌદ) ગ્રંથોમાં સમાયેલો છે. આ ગ્રંથો આ પ્રમાણે છે. શ્રી રાસ, કિરંતન, ખુલાસા, ખિલવત, પરિક્રમા, સાગર, સિનગાર, સિંધી, મારફત સાગર તથા કયામતનામા (છોટા,બડા) આ બધા ગ્રંથોમાં કુલ ૫૨૬ પ્રકરણ તથા ૧૮૭૫૮ ચોપાઈઓ છે.

શ્રીરાસ ગ્રંથ અનન્ય પ્રેમલક્ષણા ભક્તિથી સભર છે. જેમાં પ્રિયતમ પરબ્રહ્મ અને તેમની આત્મારૂપા(અંગના) સખિઓ વચ્ચે થયેલી વ્રજ અને રાસલીલાનું વર્ણન છે.

તે ગોપીઓના જેવો શુધ્ધ-પ્રેમ-સેવાનો ભાવ જગાવીને જ આપણે આત્મ જાગણી લીલાનો શ્રેષ્ઠ આનંદ લઈ શકીએ છીએ.



પ્રકાશગ્રંથમાં આત્મ-બોધક તારતમ જ્ઞાન છે. જેમાં સદગુરૂ ધણી પ્રત્યે કૃતજ્ઞતાભાવ, વિરહ ની વેદનાની અભિવ્યક્તિ, પોતાનાં ગુણ-અંગ-ઈન્દ્રિયોને પરમાત્માની તરફ સન્મુખ કરવાના ઉપાય તથા સંસારમાં રહેવા છતાં પ્રિયતમ



પ્રાણનાથની પ્રેમ-સેવામાં સંપૂર્ણ સમર્પિત રહેવાની પ્રેરણા છે.

ષટઋતુ ગ્રંથમાં છ ઋતુઓમાં વિરહી આત્માનો પોતાના સતગુરૂ અને પ્રિયતમ પારબ્રહ્મ ના પ્રતિ વિરહ વેદનાનું વર્ણન છે.

કલશ ગ્રંથમાં બ્રહ્મ-બોધક જ્ઞાનના શિરમોર વિષયો જેવા કે સૃષ્ટિના પાંચ અનાદિ પ્રશ્નો, ધર્મનું વાસ્તવિક સ્વરૂપ, વેદો અને અવતારોનું રહસ્ય વિગેરેનું જ્ઞાન છે.

સનંધ ગ્રંથમાં કુરાન વિગેરે કતેબ પરંપરાના ધર્મગ્રંથોનો મૂળ આશય (ગૂઢાર્થ) તથા શરિયત (કર્મકાંડ)નાં બંધનોથી પર ઈસ્લામ(શાંતિના માર્ગ) ના વાસ્તવિક સ્વરૂપને સ્પષ્ટ કરીને સર્વધર્મ સમભાવ દર્શાવવામાં આવ્યો છે.

કિરંતન ગ્રંથમાં આત્મ જાગૃત્તિના વિવિધ પહેલું (આયામો) પર પ્રકાશ પાડવાવાળી ગૂઢવાણી છે. તારતમ વાણીના બધા ગ્રંથોનો તેમાં સમાવેશ કરવામાં આવ્યો છે.



ખુલાસા ગ્રંથમાં વેદ તથા કતેબ પક્ષનું એકીકરણ કરવામાં આવ્યું છે.

ખિલવત ગ્રંથમાં આત્મા અને પરમાત્માની વચ્ચે દિવ્ય પરમધામમાં થયેલી પ્રેમ-વાર્તા નો તથા ફરીથી પર-આતમ સ્વરૂપમાં જાગૃત થવાની રીતો બતાવવામાં આવી છે.

સાગરગ્રંથમાં પ્રિયતમ પરબ્રહ્મ ના હૃદય કમળથી અવિરત વહી રહેલા અનંતા ભાવો (લાડ-પ્યાર) ના આઠ સાગરોનું વર્ણન છે. જેમાં ડુબકી લગાવીને (રસ મગ્ન) થઈ પોતાના પ્રિયતમના દિલ સુધી પહોંચી શકીએ છીએ.

સિનગાર ગ્રંથમાં સ્વ-લીલા અદ્વૈત પરબ્રહ્મ અક્ષરાતીતના દિવ્ય શૃંગારનું વર્ણન છે. જેનું ક્ષણે ક્ષણે ધ્યાન ધરતાં ધરતાં આત્મા સંસારમાં હોવા છતાં અખંડ ધામનાં સુખો લઈ શકે છે. મૂલ સ્વરૂપમાં એકાકાર થઈ જવાથી બ્રહ્મ અને બ્રહ્માત્મામાં કોઈ ભેદ રહેતો નથી.

સિંધી ગ્રંથમાં એક જાગૃત આત્મા બીજા આત્માઓની જાગૃતિ માટે પોતાના પ્રિયતમ ધણીને અધિકાર પૂર્વક પ્રાર્થના કરે છે અને પોતાના ભાવ વિભોર કરી નાંખે એવા વાર્તાલાપ થી સર્વને પોત-પોતાના જીવનમાં (રહેણીમાં) ધ્યાન રાખવા માટે પ્રેરિત કરે છે.

મારફત સાગર ગ્રંથમાં કુરાનના સાંકેતિક વાક્યો, કયામતની નિશાનીઓ તથા મારફત (આત્માની સર્વોચ્ચ જાગૃત અવસ્થા અથવા પૂર્વ ઓળખ)નું જ્ઞાન છે. કર્મકાંડ (શરીયત), ઉપાસના (તરીકત) તથા જ્ઞાન (હકીકત) થી પર પરમસત્ય (મારફત) ના વિશેષ જ્ઞાન (વિજ્ઞાન) નો સૂર્યોદય થતાં જ પ્રિયતમ ધણીના શ્રી ચરણોમાં જાગવું સંભવ



બને છે.

કયામતનામા ગ્રંથમાં આત્મ-જાગૃતિના અંતિમ ચરણ ''આત્મા-પરમાત્માનું મિલન''ના લક્ષ્યને કુરાન અને હદીસોં ની જૂની વાર્તા-હકિકતોના ગૂઢ અર્થોના આધારે સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

સાથીઓ ! આ રીતે આ તારતમ બ્રહ્મજ્ઞાન આપના ધ્યાનને આપના મૂલ દિવ્ય સ્વરૂપમાં, નિજાનંદમાં પહોંચાડવાનો એકમાત્ર ઉપાય છે. જ્યાં પ્રેમ અને આનંદનો મહાસાગર લહેરાઈ રહ્યો છે. વિશ્વભરમાં ધર્મના નામે ફેલાયેલા ઝઘડાઓને દૂર કરવાની આજએકમાત્ર દિવ્ય ઔષધિ (દવા) છે. જે બધાંની શ્રધ્ધા(આસ્થા) નું સન્માન કરતાં - 'સુખ શીતલ કરું સંસાર' નો અર્થાત વિશ્વમાં સુખ-શાંતિ અને આનંદ ફેલાવવાનું શ્રી પ્રાણનાથજીનું બ્રહ્મ વચન છે. આપ ધન્ય છો કારણ કે આપે આત્મ-જાગૃતિના રસ્તે આગળ વધવાનું શરૂ કરી દીધું છે.

શુભ આશિષ સહ,

સપ્રેમ-પ્રણામ

:: **આટલું અવશ્ય યાદ રાખો** ::

આત્મ શોધક બની બ્રહ્મવાણી રૂપી મહાસાગરમાં ડૂબકી લગાવી લો અને ભ્રમનું અંધારું દૂર કરો.

- પ્રિયતમ પરમેશ્વર પ્રાણનાથ પોતે જ તારતમ જ્ઞાનરૂપી દિવ્ય પ્રકાશ ફેલાવી રહ્યા છે. જેનું અવતરણ આ ભાગ્યશાળી ૨૮મા કલિયુગના અંતિમ ચરણમાં થવાનું શાસ્ત્રોમાં પહેલેથી જ લખવામાં આવ્યું છે.
- અનન્ય પ્રેમ અને શ્રધ્ધારૂપી પાંખોથી તથા બ્રહ્મજ્ઞાનરૂપી બળતણ(શક્તિ)થી આત્મા બ્રહ્મનું ફળ પ્રાપ્ત કરી શકે છે. (અક્ષરાતીત પરમાત્માની ઓળખ થાય છે.)
- બ્રહ્મજ્ઞાનનું સામર્થ્ય(બળ) કેવળ સ્વયં પૂર્ણબ્રહ્મ પરમાત્મા જ જાણે છે. જેમના દિલની વાતો (આશય) તારતમમાં અનેકરૂપે પ્રગટ થઈ છે.
- તારતમ બ્રહ્મજ્ઞાન અનેરું (અદ્વિતીય) છે. તેના પ્રકાશથી ધ્યાન દ્વારા આપણી ચેતનાને સાકાર અને નિરાકારની ઉપમાઓથી સંલગ્ન-અસત્ય, જડ અને દુઃખરૂપી કાલમાયાના બ્રહ્માંડથી પરે અખંડ પરમધામનાં સુખનો અનુભવ કરાવી શકે છે.
- બ્રહ્મજ્ઞાનથી માયાના બળને ઓળખી લઈ જીવ અજ્ઞાનની નીંદમાં થી જાગૃત થઈ જાય તો પછી સ્વપ્ન કેવી રીતે રહે?
- આત્માને પોતાના મૂલ દિવ્ય સ્વરૂપનો અનુભવ તથા પ્રિયતમ ધામધણીના અંગી તથા અંગનાનો પોતાનો સંબંધ યાદ આવી જવો એ જ બ્રહ્મજ્ઞાન થવું છે.
- બ્રહ્મજ્ઞાન માયાના ઝેરને ઉતારી આપણને નિર્મલ બનાવી દે છે. જો તમારો આત્મા સાક્ષી પૂરે તો આ વાત માની લો.
- બ્રહ્મજ્ઞાન થી જ બ્રહ્મ અને માયા અલગ-અલગ દેખાવા લાગે છે. કીડીરૂપ (સ્વપ્નમય) માયાના મુખમાંથી હાથીરૂપ(સત્યસ્વરૂપ) બ્રહ્માત્માઓને હંમેશને માટે મુક્તિ મળી જશે.
- જો પરબ્રહ્મ આપણા હૃદયમાં પોતાનો પ્રેમ(ઈશ્ક) જાગૃત કરી દે તો ક્ષણમાત્રમાં આપણી નજર સંસારમાંથી હટી જઈ પરમધામના એકત્વના ભાવમાં મગ્ન થઈ શકે છે.



- બ્રહ્મવાણી ને આત્મસાત કરવાથી આ ચૌદલોકનું બ્રહ્માંડ પ્રેમથી ભરેલું નજરમાં આવશે.
- બ્રહ્મજ્ઞાન અને પ્રેમ બંને જ પ્રિયતમના ચરણોની પ્રાપ્તિ ઈચ્છે છે પરંતુ ધણી જે ને જેટલા પ્રમાણમાં આપે છે તે તેને શિરોમાન્ય(સ્વીકાર)કરી લે છે.